મોનીટરીંગ એન્ડ પ્લાનીંગ
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
જલસેવા ભવન સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.
પીએબીએક્સ-- 23222547, 23225972,23226336, 23225624,23222263, એક્ષ-114,
ફેક્ષ- 23225979, ☎ No- 23230617, ઇમેઇલ:-setechnicalcell@yahoo.co.in
tec-cell-gwssb@gujarat.gov.in
મુખ્ય ઇજનેર

જા.નં/ટેકસેલ/જનરલ/પરિપત્ર/ ૧૭૪૨ તા:૨૮/૫/૨૦૦૮

## પરિપત્ર

**વિષય :** અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા હાથ ધરવાના થતા પાણી પુરવઠાના કામોમાં લોકફાળો લેવા બાબત.

**વંચાણે લીધા :** બોર્ડ સભ્યમંડળની બેઠક નં: ૨૧૯ તા.૦૯/૫/૦૭ માં લેવાયેલ નિર્ણય ઠરાવ નં:૨૩ મુજબ

**પ્રસ્તાવના:**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા સામાન્ય રીતે લોકભાગીદારીથી થતા કામોમાં લોક ફાળાનું ધોરણ ૧૦ ટકા રાખવામાં આવેલ છે. પરંતુ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં જે કામો હાથ ધરવામાં આવે છે તેમાં આ ધોરણ ઘટાડવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી. આ અંગે બોર્ડ સભ્ય મંડળની ૨૧૯ મી બેઠક તા. ૯/૫/૨૦૦૭ માં વિગતે ચર્ચા-વિચારણા કરવામાં આવેલી. ઉકત મીટીંગમાં લેવાયેલ નિર્ણય (ઠરાવ નં:૨૩) મુજબ હવેથી અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા હાથ ધરવાના થતા પાણી પુરવઠાના કામોમાં ૨.૫ ટકા લોકફાળો લેવાનો રહેશે. આ અંગે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

**ઠરાવ:**

અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં પાણી પુરવઠા બોર્ડ દવારા હાથ ધરવાના થતા પાણી પુરવઠાના કામોમાં લોકફાળો લેવા બાબતે બોર્ડ સભ્ય મંડળની ૨૧૯મી બેઠક તા. ૯/૫/૨૦૦૭ ના ઠરાવ નં: ૨૩ પ્રમાણે નીચે મુજબનાં ઠરાવ કરી નિર્ણય લેવા ઠરાવ્યું.

(૧) અનુસૂચિત જાતિના લોકો માટે તેમજ આદિજાતિ વિસ્તારોમાં ગામની અંદરની માળખાકીય સુવિધા ઉભી કરવા માટે જે કામો હાથ ધરવામાં આવે છે તેમાં ૧૦ ટકા લોકફાળોને બદલે હવેથી ૨.૫ ટકા લોકફાળો લેવાનો રહેશે. આ લોકફાળો જે તે ગામના લાભાર્થીઓ તરફથી શ્રમ દવારા અથવા રોકડમાં / વસ્તુરૂપે / જમીન અથવા તો આ બધાના સંયુક્ત રૂપે મેળવવાનો રહેશે. બાકી શરતો આ અંગેની મૂળ ગાઇડલાઇન પ્રમાણેની રહેશે.

(૨) જે ગામમાં બક્ષીપંચની વસ્તી ૫૦ ટકા કરતા વધુ હોય તેવા ગામો / વિસ્તારોમાં કરવાના થતા કામો માટે જે ૧૦ ટકા લોકફાળો લેવાનો છે હવેથી તે પૈકી રોકડમાં લોકફાળો ૫ (પાંચ) ટકા લેવાનો રહેશે. બાકીના પાંચ ટકા લોકફાળો શ્રમસ્વરૂપે અથવા વસ્તુરૂપે/જમીન અથવા આ બધાના સંયુકતરૂપે મેળવવાનો રહેશે.

(૩) હેન્ડપંપના કામો માટે કોઇપણ પ્રકારનો લોકફાળો લેવાનો રહેશે નહીં.

મુખ્ય ઇજનેર ( મો.અને.પ્લા )

નકલ રવાના પ્રતિ,

-: મુખ્ય ઇજનેરશ્રી, ઝોન - ૧,વડોદરા,૨,અમદાવાદ,૩,રાજકોટ,૪,કચ્છ-ભૂજને તરફ જાણ સારુ.

-: અધિક્ષક ઇજનેરશ્રી, જા.આ.વ, તરફ જાણ સારુ.

-: કા.ઇ.શ્રી. જા.આ. બાં.વિ, તરફ જાણ સારુ.

-: માસ્ટર ફાઇલ.

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જલસેવા ભવન, સે.૧૦-એ ગાંધીનગર.

બોર્ડ સભ્ય મંડળની નં.૨૧૯ મી બેઠક તા. ૯-૫-૨૦૦૭ ના રોજ મળેલ જેના ઠરાવ નં. ૨૩ ના નિર્ણયની નકલ

બીએમ/૨૧૯/૨૩ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા હાથ ધરવાના થતા પાણી પુરવઠાના કામોમાં લોકફાળો લેવા બાબત.

સભ્ય મંડળે અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા થતા પાણી પુરવઠાના કામોમાં લોકફાળો લેવા બાબતે નીચે મુજબનાં ઠરાવ કરી નિર્ણય લેવા ઠરાવ્યું.

(૧) અનુસૂચિત જાતિના લોકો માટે તેમજ આદિજાતિ વિસ્તારોમાં ગામની અંદરની માળખાકીય સુવિધા ઉભી કરવા માટે જે કામો હાથ ધરવામાં આવે છે તેમાં ૧૦ ટકા લોકફાળો લેવો જોઇએ પરંતુ જે તે ગામના લોકો તરફથી હવેથી ૨.૫ ટકા લોકફાળો લેવાનો રહેશે. આ લોકફાળો જે તે ગામનાં લાભાર્થીઓ તરફથી શ્રમ દ્વારા અથવા રોકડમાં/ વસ્તુરૂપે/ જમીન અથવા તો આ બધાના સંયુકત રૂપે મેળવવાનો રહેશે

(૨) બક્ષીપંચ હેઠળના વિસ્તારોમાં કરવાના થતાં કામો માટે રોકડમાં લોકફાળો પાંચ ટકા લેવાનો રહેશે. બાકીના પાંચ ટકા લોકફાળો શ્રમસ્વરૂપે અથવા વસ્તુરૂપે/ જમીન અથવા આ બધાના સંયુકતરૂપે મેળવાનો રહેશે.

(૩) હેન્ડપંપના કામો માટે કોઇપણ પ્રકારનો લોકફાળો લેવાનો રહેશે નહી.

(૪) સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ) ની મંજુરી મળેથી લોકફાળાની રોકડ રકમ માન. ધારાસભ્યશ્રી/ સંસદ સભ્યશ્રીની ગ્રાન્ટમાંથી મેળવી શકાશે.

મુખ્ય વહીવટી અધિકારી
ગુજરાત પા.પુ. અને ગ. વ્ય. બોર્ડ,
ગાંધીનગર.

ઉપરોક્ત વિગતે ઉદાહરણ સહ જણાવવાનુ કે, કોઇ એક યોજનાની વર્ષ:૨૦૪૦ ની અલ્ટીમેટ જરૂરીયાત ૧૦ એમ.એલ.ડી. મુજબ વર્ષ:૨૦૧૦ માં જથ્થો મંજુર કરાવેલ હોય તે સામે વર્ષ: ૨૦૧૭-૧૮ની જરૂરીયાત ગ્રામ્ય ૧૦૦ લીટર તથા શહેરી વિસ્તાર માટે ૧૪૦ લીટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિન મુજબ ૬.૦૦ એમ.એલ.ડી. વપરાશ કરાતો હોય તેવા કિસ્સામાં.

(૧) મંજુર કરાયેલ જથ્થાનુ કરારનામુ ન કરવાથી કે વોટરમીટર ન મુકવાથી જળસંપત્તિ વિભાગ દ્વારા તા.૦૩-૦૨-૨૦૦૭ ના ઠરાવની કલમ: (૭) (બ અને (ક) મુજબ ૧૨.૫૦ એમ.એલ.ડી. જથ્થાની આકારણી કરવામાં આવે છે. આમ, ૬.૦૦ એમ.એલ.ડી. વપરાશની સામે બમણા જથ્થાના નાણાં ચુકવવાની બાબત તથા, તે પરના પેનલ્ટી/વ્યાજની રકમ ચુકવવાની બાબત ઉપસ્થિત થાય છે, જે ઘણી ગંભીર નાણાંકીય બાબત છે.

(૨) તા.૦૩-૦૨-૨૦૦૭ ના ઠરાવની કલમ: (૫) મુજબ, પ્રતિ વર્ષ ૩૧ માર્ચ પહેલાં આગામી વર્ષની જરૂરીયાત મુજબનો જથ્થો મંજુર કરાવવાનો રહે છે. જો મંજુર કરાયેલ જથ્થા કરતા ઓછો જથ્થો મંજુર કરવાનો રહેતો હોય તો જળસંપત્તિ વિભાગના અધિક્ષક ઇજનેરશ્રીને સતા સોંપાયેલ છે.

આથી, આપના ઝોન/વર્તુળ/વિભાગ/પેટા-વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ જળસંપત્તિ વિભાગ/ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ હસ્તકના ઓફ્ટેકમાંથી ઉપાડવામાં આવતા પાણીના જથ્થા માટે આગામી પાંચ વર્ષની ગ્રામ્ય તથા શહેરી વિસ્તાર માટે વર્તમાન માપદંડો ધ્યાને લઇ, જરૂરીયાત ધ્યાને લઇ તે મુજબ જથ્થાની મંજુરી મેળવવાની કાર્યવાહી કરવા અંગે સંબધિત જળસંપત્તિ વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીઓને તા.૩૧-૦૩-૨૦૧૭ પહેલા દરખાસ્ત કરવા તાકીદ કરવામાં આવે છે.